सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | **16** | **02** | **2026** |
| દાખલ તારીખ: | **16** | **02** | **2026** |
| ફેંસલ તારીખ : | **06** | **07** | **2026** |
| સમયગાળો : | દિવસ | માસ | વર્ષ |
| | **20** | **04** | **00** |

::–::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::–::–

**મહેરબાન સાંતલપુરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વારાહી,**

**તા.સાંતલપુર,જી.પાટણ.**

–::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::–::

**<u>ક્રિમીનલ કેસ નંબર : ૧૫૮/૨૦૨૬</u>**

**આંક : ૧૮**

**ફરીયાદી :–** શ્રી સરકાર...
(વારાહી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦૩૬૨૫૦૧૯૪)

–:: વિરૂધ્ધ ::–

**આરોપીઓ :–** (૧).મહિપાલભાઈ મણાભાઈ લાલાભાઈ ઠાકોર, ઉ.વ.૧૯,
(૨).કરણભાઈ ઉર્ફે કિરણભાઈ મઘાભાઈ ભેમજીભાઈ ઠાકોર, ઉ.વ.૨૨,
(૩).મણાભાઈ લાલાભાઈ નેમાભાઈ ઠાકોર, ઉ.વ.૩૫,
(૪).ભરતભાઈ ઉર્ફે જાનાભાઈ લાલાભાઈ નેમાભાઈ ઠાકોર(પરમાર), ઉ.વ.૩૩,
તમામ રહે. લોદરા, પરમાર નીચાડોવાસ તા.સાંતલપુર, જી.પાટણ.

–::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::–

**ગુનો :–** બી.એન.એસ.કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૨), ૫૪ તથા
જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.

–::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::–

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી બી.જી.કેલા.
આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી આર.એસ.ઠાકોર

–::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::–

**ઠ રા વ**

(૧). આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદીને મો.જે. લોદરા, ચાર રસ્તા પાસે ગઈ તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજ સવાર ના આશરે દશેક વાગ્યાના સુમારે આરોપી નં.૧ નાઓએ લાકડી વડે બરડાના તેમજ સાથળના ભાગે માર મારી અને આરોપી નં.૧ નું ઉપરાણુ લઈ આ કામના આરોપી નં.૨ થી ૪ નાઓ આવી જઈ ફરીયાદીને આડેધળ ગળદપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજી. સાહેબશ્રી, પાટણનાઓના હથીયાર બંધી જાહેર નામાનો ભંગ કરી ગુનો કરેલ હોવાની ફરીયાદીની ફરીયાદ આધારે પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર થતાં તપાસ કરનાર અમલદારે સદર ગુનાની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ.કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબના ગુનાનું આંક–૧ વાળું ચાર્જશીટ કરી અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨). ત્યારબાદ, આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા, આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, બી.એન.એસ.એસ. ની કલમ ૨૩૦ અન્વયે આરોપીઓને તેમની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે અને ત્યારબાદ, ઉપરોકત ગુના અંગેનું આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી આંક–૫ થી ૮ સુધી આરોપીઓનો જવાબ લેવામાં આવતા, તેમાં આરોપીઓ એ ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા જણાવેલ. જેથી સદર કામની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવે છે.

(૩). આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે : –

## –:: મૌખિક પુરાવો ::–

| અનુ. | સાહેદ | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ૧. | ફરીયાદી ઠાકોર વિજયભાઈ દશરથભાઈની જુબાની. | ૯ |

## –:: દસ્તાવેજી પુરાવો ::–

| અનુ. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૦. |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૧. |
| ૩. | મારક હથીયારનું પંચનામું | ૧૨. |
| ૪. | કલેકટરશ્રીનું જાહેરનામુ. | ૧૩. |
| ૫. | મેડીકલ સર્ટીફીકેટો | ૧૪,૧૫ |

(૪). આમ,ઉપર મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે. ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે આંક–૧૬ થી લેખીત પુરશીશ રજુ કરી વધુ કોઈ પુરાવા રજુ કરવા નથી તેવી રજુઆત કરતા સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫). આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે બી.એન.એસ.એસ. ની કલમ ૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની વિદવતાપુર્ણ દલીલો સાંભળવા માં આવેલ છે. બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીઓએ પોતાના કેસના સમર્થનમાં જે દલીલો કરેલી છે તેની પુનરાવર્તન ટાળવા સારૂ અત્રે ચર્ચા કરવામાં આવતી નથી.

(૬). સદરહું કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

(૧). શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ સાબિત કરે છે કે, ફરીયાદીને મો.જે. લોદરા, ચાર રસ્તા પાસે ગઈ તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજ સવારના આશરે દશેક વાગ્યાના સુમારે આરોપી નં.૧ નાઓએ લાકડી વડે બરડાના તેમજ સાથળના ભાગે માર મારી અને આરોપી નં.૧ નું ઉપરાણુ લઈ આ કામના આરોપી નં.૨ થી ૪ નાઓ આવી જઈ ફરીયાદીને આડેધળ ગળદપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજી. સાહેબશ્રી, પાટણનાઓના હથીયારબંધી જાહેર નામાનો ભંગ કરી, ગુનો કરી આરોપીઓએ બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨). શું હુકમ ?

**(૭).** ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

**(૧). નકારમાં.**

**(૨). આખરી હુકમ મુજબ.**

**કા ર ણો**

**(૮). મુદ્દા.નં.૧ અને ૨ :–**

**(૮.૧).** ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ફરીયાદીની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદીએ આંક–૯ થી તેમની સોગંદ ઉપરની સરતપાસની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ લોદરા મુકામે તેઓના પરીવાર સાથે રહુ છુ અને ખેતી કરી મારા પરીવારનું ગુજરાન ચલાવુ છુ. બનાવ આજથી આશરે પંદરેક માસ અગાઉ સવારના

સમયે લોદરા ગામે જાહેરમાં બનેલો. તે સમયે મારે કોર્ટમાં હાજર છે તે આરોપીઓ સાથે અગાઉ થયેલ બોલાચાલી બાબતે ઝગડો થતાં સામાન્ય બોલાચાલી થયેલી બનાવ સમયે અને હોબાળો થતા ઘણા માણસો ભેગા થઈ ગયેલા અને ટોળામા ધકકામુકકી દોડધામ થતાં હું નીચે પડી ગયેલ અને જે કારણે મને શરીરના ભાગે બેઠો માર વાગેલો જે અંગેની સારવાર મે વારાહી તથા ધારપુર સરકારી દવાખાને લીધેલી. ત્યારબાદ લોકોની વાતોમાં આવી જઈ મે આરોપી વિરૂધ્ધ ફરીયાદ કરેલી. જે ફરીયાદની ખરી નકલ મને બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખી બતાવું છુ જેને રજુ દાખલ આંક-૧૦ આપવામાં આવે છે. આ સીવાય બીજુ કાંઈ બનેલ નહી. બનાવ સમયે કોઈ ઈસમોએ સાથે મળી મને ગાળો આપેલ હોય તેમજ તેમના હાથમાના હથીયારો વડે માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું કાંઈ બનેલ નથી. સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાત કબુલ રાખેલ છે કે, બનાવ સમયે આરોપીઓએ સાથે મળી મને ગાળો આપેલી તેમજ તેમના હાથમાની લાકડી તેમજ ગળદાપાટુ વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું કાંઈ બનેલ નથી. હાલમા આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે.

(૮.૨). વધુમાં આ કામે બચાવપક્ષની સંમતિથી આંક-૧૧ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક-૧૨ થી મારક હથીયારનું પંચનામુ, આંક-૧૩ થી જાહેરનામુ તથા આંક-૧૪ અને ૧૫ થી મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલ છે. પરંતુ સદર દસ્તાવેજી પુરાવા લગત ફરીયાદ પક્ષે કોઈ સાહેદને નામદાર કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી ત્યારે ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ-૬૭ અન્વયે આ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા પુરવાર થતા હોવાનું કહી શકાય તેમ નથી અને તેની ઉપર આધાર રાખીને આરોપીઓને તેની સામે આક્ષેપાયેલ ગુના સાથે સાંકળી શકાય નહી..

**(૦૯).** વધુમાં, ફોજદારી કેસોમાં આરોપીઓ વિરૂધ્ધનો ગુનો ફરીયાદ પક્ષે પોતાનો કેસ પોતાના જ પુરાવાથી વાજબી શંકાથી પર (બીયોન્ડ રીઝનેબલ ડાઉટ) સાબિત કરવાનો રહે છે અને ફરીયાદપક્ષ જો પોતાનો કેસ સાબિત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળે.

**(૧૦)** સદર કામે આંક–૧૦ થી ફરીયાદ, આંક–૧૧ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૧૨ થી મારક હથીયારનું પંચનામુ, આંક–૧૩ થી જાહેરનામુ તથા આંક–૧૪ અને ૧૫ થી મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલ છે. આ ગુનાના કામે આરોપીઓના વિ. વકીલશ્રી દવારા ઉપરોકત દસ્તાવેજ આંકે પાડવા તથા પુરાવામાં વંચાણે લેવા સામે વાંધો નથી તેવું જાહેર કરેલ છે. જેથી ઉપરોકત દસ્તાવેજી પુરાવાની હકીકત પુરવાર થાય છે. પરંતુ હાલના ગુનાના કામે ફરીયાદીની જુબાનીથી આ દસ્તાવેજી પુરાવાને સમર્થન મળતુ ન હોય, આ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી.

**(૧૦.૨).** આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ કામે ફરીયાદીએ તેમની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે આ કામના આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલ અને તે સમયે હોબાળો થતાં ઘણા માણસો ભેગા થઈ ગયેલ અને ધકકામુકકી થતાં તેઓને નીચે પડી જવાથી ઈજા થયેલ. બનાવમાં આ સીવાય બીજુ કાંઈ બનેલ નથી. તેઓએ લોકોની વાતોમાં આવી જઈ ફરીયાદ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં ફરીયાદીએ કબુલ રાખેલ છે કે, બનાવ સમયે આરોપીઓએ સાથે મળી મને ગાળો આપેલી તેમજ તેમના હાથમાની લાકડી તેમજ ગળદાપાટુ વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું કાંઈ બનેલ નથી. આમ, સદર કામે ફરીયાદી એ તેમની જુબાનીમાં ફરીયાદની હકીકતથી તદ્દન વિરૂધ્ધની હકીકતો જણાવી ફરીયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી સદરહું કામે ફરીયાદીની જુબાની ના આધારે આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં આ કામે ફરીયાદીને આરોપીઓથી સતત ભયની ઘંટડી વાગતી હોય કે તેમને જાનથી મારી નાખવામાં આવશે તેવી ધમકીને કારણે તે ફરીયાદ નોંધાવ્યા પછી કોઈ પણ સમયે પોતાની ફરજો અદા કરવા શકિતમાન ન હોય અને ભય સતત રહેતો હોય તેવુ જુબાની ઉપરથી ફલીત થતુ નથી. વધુમાં સદર કામે ફરીયાદીએ ખુદ કબુલ રાખેલ છે કે, આ કામના આરોપીઓએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. જેથી સદર કામે ફરીયાદી તથા સાહેદની જુબાનીથી ફરીયાદની હકીકત મુજબના ગુનાના તત્વો પુરવાર થતા નથી. જેથી સદર કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાના આધારે આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૦.૩) વધુમાં, બનાવ સમયે તટસ્થ સાહેદો મળી શકે તેમ હોવા છતાં, ફરીયાદ પક્ષ દવારા કોઈપણ તટસ્થ સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી. જેથી સદર કામે તટસ્થ સાહેદો ના પુરાવાના અભાવે આરોપીઓને તેઓની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૧) વધુમાં આ કામના આરોપીઓએ હથીયારબંધી અંગેના જાહેરનામા નો ભંગ કરેલ હોય તેવી કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીએ ફરીયાદી ની ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા ઉપરથી પુરવાર થતી નથી. આમ, આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાંઆ કામના આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે કોઈ સાહેદે જણાવેલ નથી .

(૧૨). વધુમાં, ***સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન, ૧૯૯૬(૩) ક્રાઈમ્સ ૮૫*** ના ચુકાવામાં નામદાર સર્વોચ્ચ અદાલત દવારા પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદો ફરીયાદ પક્ષનાં કેસને સમર્થન આપતા ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે :–

*When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.*

(૧૨.૧).વધુમાં, ***નામદાર સર્વોચ્ચ અદાલતના વિરસિંઘ વિ.સ્ટેટ ઓફ યુ.પી., ((2014) 2 SCC 455)*** Cri. Appeal No.256-257 of 2009 ના પેરા નંબર–૧૭ મા કરવામાં આવેલ અવલોકન ધ્યાને લઈએ તો, *Legal system has laid emphasis on value, weight and quality of evidence rather than on quantity multiplicity or plurality of witnesses. It is not the number of witnesses but-quality of their evidence which is important as there is no requirement under the Law of Evidence that any particular number of witnesses is to be examined to prove/disprove a fact. Evidence must be weighed and not counted. It is quality and not quantity which determines the adequacy of evidence as has been provided under Sec.134 of the Evidence Act. As a general rule the Court can and may act on the testimony of a single witness provided he is wholly reliable.* જે ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, કોઈ પણ કેસમાં કેટલા સાહેદો તપાસેલ છે તે મહત્વનું હોતુ નથી, પરંતુ તે સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા (કવોલીટી) મહત્વની બની રહે છે. એટલે કે સાક્ષીઓની સંખ્યા મહત્વની નહી પરંતુ સાક્ષીઓએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની બની રહે છે. આમ, ઉપરોકત ચુકાદાની હકીકત સાથે હાલના કેસની કાર્યવાહી ધ્યાને લેતાં, તથા રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષે કોઈ સાહેદે જણાવેલ નથી અને ઉલ્ટાનું ફરીયાદ પક્ષ તરફથી પુરાવા બંધનું પુરસીસ રજુ કરી વધુ સાહેદ તપાસવા નથી, તેવી હકીકત જાહેર કરેલ છે.

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, આરોપીઓને હાલના ગુનાના કામે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**હુ ક મ**

**(૧).** આ કામના આરોપી નં. (૧).મહિપાલભાઈ મણાભાઈ લાલાભાઈ ઠાકોર, ઉ.વ.૧૯, (ર).કરણભાઈ ઉર્ફે કિરણભાઈ મઘાભાઈ ભેમજીભાઈ ઠાકોર, ઉ.વ.રર, (૩). મણાભાઈ લાલાભાઈ નેમાભાઈ ઠાકોર, ઉ.વ.૩પ, (૪).ભરતભાઈ ઉર્ફે જાનાભાઈ લાલાભાઈ નેમાભાઈ ઠાકોર(પરમાર), ઉ.વ.૩૩, તમામ રહે. લોદરા, પરમાર નીચાડો વાસ તા.સાંતલપુર, જી.પાટણનાઓને બી.એન.એસ.કલમ-૧૧પ(ર), ૧૧૮(૧), ૩પ૧(ર),પ૪ તથા જી.પી.એકટની કલમ-૧૩પ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-ર૭૧(૧) અન્વયે પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(ર).** આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મારક હથીયારોનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩).** બી.એન.એસ.એસ. કલમ-૪૮૧ મુજબ આરોપીઓએ અગાઉ આ કેસમાં હાજર રહેવા બાબતે જો જામીનખત રજુ રાખેલ હોય તે અપીલ સમયે પૂર્ણ થતાં સુધી લંબાવવામાં આવે છે, અને જો અગાઉ જામીન ના આપેલ હોય કે રદ થયેલ હોય તો અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે પ્રત્યેક આરોપીએ રૂ.પ,૦૦૦/- ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન દિન-૭ માં આપવા.

હુકમ આજ રોજ તા.**૦૬,** માહે **જુલાઈ,** સને **૨૦૨૬** ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૭/૨૦૨૬ (એચ.જે.ગઢવી)

વારાહી. કોડ નં.જીજે ૦૧૫૧૯

જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

સાંતલપુર, મુ.વારાહી.

//ડી.આર.ગરવા//